કાર્લ માર્કસની થિયરી અને પરિવારમાં પતિ-પત્નીની સ્થિતિ

ગાંધીનગરના ગામડા અને શહેર બંન્નેની સ્થિતિ સેન્સસની દૃષ્ટિએ જોઈએ તો કુલ ૩૧,૨૧૯ પરિવારોમાં કોઈ પરણિત દંપતિ જ નથી. અલબત્ત ટકાવારીની દૃષ્ટિએ તેમની ૧૦ ટકાથી થોડી વધુ છે પણ આ આંકડા એમ દર્શાવે છે કે ગાંધીગરના દર દસ પરિવારે એક પરિવારમાં કોઈ પરણિત દંપતિ જ નથી. ઘરની એક જ છત નીચે રહેતા પરિવારમાં પતિ-પત્ની અને બાળકો એવા સામાજિક અભિગમથી જોઈએ તો ઘર પરિવારની સ્થિતિ સામાજિક સ્થિતિનો અલગ જ ચિતાર આપે છે. આ પરિવારોમાં મા છે તો બાપ નથી અથવા તો બાપ છે તો મા હયાત નથી. એથી આગળ પણ સંતાનો અપરણિત છે અથવા તો પરણેલાં હોય તો પતિ-પત્નીનો એક ઘરમાં સહવાસ નથી. આધુનિક દોડમાં અપરણિત પણું અથવા તો પરણ્યા પછીના પૃથ્થકવાસની આ અસર ગાંધીનગરના સમાજજીવન પર આપણે જોઈ શકીએ છીએ.

એક તરફ ઘર ના હોવાની સ્થિતિ પણ હજુયે છે જો ઘર હોય તો પ્લાસ્ટીક મિણીયા કે કંતાનોથી બનેલી ચાર દિવાલ અને છત વાળા ઘરની સ્થિતિ પણ ગાંધીનગરમાં છે પણ બીજી તરફ ગાંધીનગરના ઘણા

સેન્સસની નજરે પરણિત દંપતિને જોડી રાખનારા એકાંતની

એવા પરિવારો છે કે જેમાં વિવાહિત દંપતિ નથી પરંતુ ઘરની સુખ સુવિધાની જ્યારે વિગત તપાસીએ તો જણાય છે કે ગાંધીનગરના કુલ ૩૧,૨૧૯ ઘર-પરિવારમાં પરણિત યુગલ નથી પરંતુ એ પૈકીના ૧૭૨૦૦ પરિવાર એવા છે કે ઘરની ભૌતિક સુવિધાની દૃષ્ટિએ તેમની પાસે બે રૂમથી માંડીને ૬ રૂમની વ્યવસ્થા છે. એટલે કે કુલ પૈકીના ૫૫ ટકા પરિવારોમાં વિવાહિત સ્ત્રી-પુરૂષના હોવા છતાં તેમની પાસે બે થી વધારે રૂમની ઉપલબ્ધતા છે.

એક દૃષ્ટિએ એટલું ચોક્કસ કે ઘરમાં પરણિત સંતાનો હોય તો જ રૂમની આવશ્યકતા હોય એમ માનવું જરૂરી નથી. દરેક પરિવારને પોતાના ઘર માટે ભૌતિક સુખસુવિધા વધારે હોય તો એ તેમની સ્વતંત્રતા છે. પરંતુ આપણે જો બીજી દૃષ્ટિએ જોઈએ તો પતિ-પત્ની હોય તેવા સંજોગોમાં બે પાત્રો વચ્ચેની ઐક્ય નિકટતા માટે અલગ ઓરડા હોય એ જરૂરી છે. કવિ રમેશ પારેખ ભલે તેમની રચનામાં ફાડી ખાનારા 'અંગત એકાંત'ની વાત કરતા હોય પણ જો ઘર પરિવારમાં પતિ-પત્ની માટે વાત કરીએ ત્યારે ઓરડાની આવશ્યકતા 'જોડી રાખનાર અંગત એકાંત'ની ગરજ સારે છે, એ પણ સમજાય એવું છે. અંગત ઓરડાને એકાંતની બાદબાકી પતિ-પત્ની વચ્ચે સબળ લાગણી ના જન્માવી શકે, ઉભડક ઉભડક લાગણીઓ દાંપત્યજીવનમાં ઉભી થાય એ સ્પષ્ટ છે.

જો આ સંબંધે વિચારીએ તો ગાંધીનગરમાં જેમ વિવાહિત પતિ-પત્ની સાથે ના રહેતા હોય અથવા વિવાહીત દંપતિ જે ઘરમાં ના હોય એવી સ્થિતિની સામે સ્થિતિ "Have અને Have not"ની પણ નજર અંદાજ કરી શકાય એમ નથી. જેમની પાસે ઘરમાં એક કરતાં વધુ ઓરડાની પુરતી મોકળાશ છે એ ઘરમાં પરણિત સ્ત્રી-પુરૂષની ખોટ છે અને જે ઘરમાં પરણિત સ્ત્રી-પુરૂષ છે, એકથી વધુ દંપતિ છે અને તેમના સંતાનો પણ પરિવારમાં છે તેમની પાસે અલાયદા ઓરડાની અછત છે. સમાજ વિજ્ઞાની કાર્લ માર્કસની 'Have અને Have not'નો સિદ્ધાંત સેન્સસના આંકડાઓમાં તદ્દન જુદી રીતે વ્યક્ત થતો જોવા મળે છે.

ગાંધીનગરના ઘર, પરિવારમાં વિવાહિત દંપતિઓ અને સામાજિક નિસ્બતની વિગતો વધુ આગામી સપ્તાહે જોઈશું.

શાન્તાક્લોઝ - નાતાલના આગમનના પગલે બજારમાં શાન્તાક્લોઝ માસ્ક-ટોપી મોટી સંખ્યામાં જોવા મળે છે... આજકાલ પ્રસંગો અને પર્વો મુજબ બજારની ચાલ વર્તાય છે... છેલ્લા કેટલાક વર્ષોથી ક્રિસમસની ઉજવણી ભારે ધામધૂમ અને ઉલ્લાસપૂર્વક થાય છે... ગાંધીનગરના માર્ગો પર પણ ક્રિસમસની ઉજવણીનું કાઉન્ટ - ડાઉન આરંભાયાના અણસારો વર્તાય છે....

બેંકોમાં ડિપોઝીટ વધી પણ ધિરાણો ઘટતાં ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૫ ટકા સુધી ઘટ્યો

ડિપોઝીટ્સમાં ૨૮૯ કરોડ વધ્યા પણ ધિરાણમાં ૧૧૯૦ કરોડનો ઘટાડો : ૧૨ ગામો હજુ પણ બેંકીંગ સેવાથી વંચિત

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં બેંક ડિપોઝીટ્સમાં જુનથી સપ્ટે.૧૮ના ત્રિમાસિક ગાળામાં ૨૮૯ કરોડનો વધારો જરૂર થયો છે પરંતુ ધિરાણમાં ૧૧૯૦ કરોડના માતબર ઘટાડાને પગલે ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૪.૯૧ ટકાનો કડાકો બોલવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા ડિસ્ટ્રીક્ટ બેંકર્સ લેવલ કમિટીની તાજેતરમાં મળેલ બેઠકમાં આ ચિત્ર રજુ કરવામાં આવ્યુ છે. પબ્લીક સેક્ટરમાં ધિરાણ ઘટવા ઉપરાંત શિક્ષણ લોનમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે. હાઈસીંગ ક્ષેત્રમાં પણ ૮૬ કરોડનો ઘટાડો આ ત્રિમાસિક ગાળામાં નોંધાયો છે.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની ઉપસ્થિતિમાં મળેલ ડી.એસ.સી.સી.ની બેઠકમાં જિલ્લાના આર્થિક પ્રવાહો અંગે ખુબજ ચિંતન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં ગરીબ વર્ગ માટેની વિવિધ કલ્યાણ યોજનામાં ૧૪ કરોડનો ઘટાડો જે નોંધાયો છે તે અંગે કોયાએ સખ્ત નારાજગી વ્યક્ત કરી અને વિવિધ યોજનાના લાભાર્થીઓની અરજીઓના નિકાસ માટે સકારાત્મક અભિગમ બેંકો દાખવે તેવી કડક ટકોર કરી હતી.

તેમણે જે બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૩૦ ટકાથી પણ નીચો છે તેમને તેમની કાર્યપદ્ધતિમાં ઝડપથી બદલાવ લાવવા સૂચવ્યુ હતુ. વિવિધ સમાજકલ્યાણ યોજનાઓના લાભાર્થીઓના અરજીના નિકાલ અને ધિરાણ આપવામાં બેંકોને વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા તેમણે સૂચવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે લક્ષ્યાંક કરતાં પણ ઓછી અરજીઓનો નિકાલ આ સમયગાળા દરમ્યાન કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં જનધન ખાતાઓને લઈ પણ સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં સો ટકા લોકોને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યાની જાહેરાતને સૌએ વધાવી હતી. આ જનધન યોજનાના ખાતાઓમાં ૧૪ સપ્ટે.૨૦૧૮ સુધીમાં ૮૦ કરોડ રૂ. બચત તરીકે પડ્યા હોવાની વાતને પણ વધાવી લેવામાં આવી હતી.

'૦' બેલેન્સથી જિલ્લામાં ૨૧,૬૭૮ ખાતાઓ બેંકો દ્વારા ખોલવામાં આવ્યા હોવાનો પણ ઉલ્લેખ આ બેઠકમાં થયો હતો તો ૭૫ ટકા જેટલા ખાતાઓ સાથે આધાર કાર્ડનું સીડીંગ કરી દેવામાં આવ્યાનું પણ લીડ બેંકે જણાવ્યુ હતુ.

આ બેઠકમાં ૧૨ ગામોમાં બેંક મિત્રો દ્વારા પણ બેંક સેવાઓ શરૂ કરવામાં ન આવી હોવાની વાતને લઈ જિલ્લા વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

જસદણે ભાજપને કેટલા ફાયદા કરાવ્યા, કોને જશ ગયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના જસદણ વિધાનસભા મતવિસ્તારની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા ૨૦ હજાર કરતાં વધુ મતે વિજેતા થયા છે તેનો જશ્ન આખું પ્રદેશ ભાજપ મનાવી રહ્યું છે. લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ માટે આ ચૂંટણી જીતવી જરૂરી હોવાથી પ્રદેશ સંગઠન તેમજ આખી ગુજરાત સરકારે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ગુજરાત ભાજપને કેન્દ્રની મોદી સરકારે પણ મદદ કરી કેન્દ્રીય મંત્રીઓને જસદણ મોકલ્યા હતા.

ગુજરાત વાયબ્રન્ટ સમિટ પહેલાં ભાજપમાં નવી નિયુક્તિનો માર્ગ ખૂલ્યો છે. છેલ્લા છ મહિનાથી રોકાયેલી બોર્ડ-કોર્પોરેશનમાં ચેરમેન અને ડિરેક્ટરોની નિયુક્તિ હવે થાય તેવી સંભાવના છે. રૂપાણીનું સ્થાન મજબૂત બનતાં ગુજરાતમાં હવે તેમનો પડ્યો બોલ ઝિલાશે. ગુજરાત સરકારમાં તેઓ હવે વધુ સારૂં કામ કરી શકશે.

ગુજરાતમાં એવી અટકળો હતી કે કોંગ્રેસના આયાતી ઉમેદવાર કુંવરજી બાવળિયાને પેટા ચૂંટણીમાં કોંગ્રેસ નહીં પણ ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ હરાવશે પરંતુ તેવું થયું નથી. કુંવરજી બાવળિયા ૨૦ હજાર કરતાં વધુ મતની લીડથી ચૂંટણી જીતી ગયા છે. કોંગ્રેસના અવસર નાકિયાને જસદણના મતદારોએ અવસર આપ્યો નથી. કોંગ્રેસમાં માતમ જેવો માહોલ છે, કેમ કે અવસર નાકિયા ખરાબ રીતે હાર્યા છે. એવું માનવામાં આવતું હતું કે કુંવરજી બાવળિયા સામે કોંગ્રેસના આ ઉમેદવાર એક હજાર થી બે હજાર મતે જીતશે પરંતુ તેવું થયું નથી. શરૂઆતથી જ કુંવરજી બાવળિયાએ તેમની લીડ જાળવી રાખી હતી.

સમયસર

રૂપાણીના પાંચ વર્ષ પાક્કા થયા

ગુજરાતના રાજકારણમાં ફરીથી ભાજપ સુપર પાવર સાબિત થયું છે. જસદણનો જશ આમ જોવા જઈએ તો ભાજપના સંગઠનને આપી શકાય પરંતુ ગુજરાતના ચીફ અત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી છે તેથી તેમને જશ મળી રહ્યો છે તેથી તેમણે તેમનું સ્થાન કાયમ કરી લીધું છે. રૂપાણીને હવે લોકસભાની ચૂંટણી પહેલાં કે ચૂંટણી પછી ગુજરાતના મુખ્યમંત્રી પદેથી કોઈ હટાવી શકશે નહીં. ગુજરાતમાં ૨૦૧૭ના ડિસેમ્બર મહિના પછી ચાર વખત મુખ્યમંત્રી બદલાઈ રહ્યાં છે તેવી અટકળો વહેતી થયેલી હતી પરંતુ હવે રૂપાણીને પાંચ વર્ષ સુધી કોઈ હટાવી શકે તેમ નથી, કેમ કે તેમના નેતૃત્વમાં લડાયેલા જસદણની પેટા ચૂંટણીમાં તેમને સફળતા મળી છે. રાજકોટની આ બેઠકમાં મુખ્યમંત્રીના નેતૃત્વની અસર છે.

ભાજપની સભ્યસંખ્યા ૧૦૦ ઉપર પહોંચી

જસદણના ચૂંટણી જંગમાં ભાજપનો ભવ્ય વિજય થતાં ગુજરાતમાં રાજકીય પરિવર્તન થઈ રહ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૯૯ બેઠકો મળી હતી પરંતુ હવે તેમાં એક બેઠકનો ઉમેરો થતાં ભાજપની બેઠકો વધીને ૧૦૦ થઈ છે. ભાજપ ગુજરાતમાં વધુ મજબૂત બન્યું છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાંચ થી સાત ધારાસભ્યોને ટીકીટ આપી શકે છે તે જોતાં ભાજપની નજર વિધાનસભાની ખાલી પડનારી બેઠકો પર છે જે કોંગ્રેસ પાસેથી આંચકી શકે છે.

ગુરૂએ ચેલાને મ્હાત આપી છે

ગુજરાતની જસદણ બેઠકમાં ૨.૩૨ લાખ મતદારો છે પરંતુ તે ગુજરાતની સાડા છ કરોડ જનતાને અસર કરશે, કેમ કે એપ્રિલ અને મે મહિનામાં લોકસભાની ચૂંટણી આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતમાં મિશન ૨૬ને સાકાર કરવાનું નક્કી કર્યું છે. ૨૦૧૪માં ગુજરાતની બધી બેઠકો ભાજપ જીત્યું હતું તેમ ૨૦૧૯માં પણ બધી બેઠકો મળે તે માટે હાઈકમાન્ડને આશાવાદ છે. જસદણ બેઠકે ભાજપમાં નવા પ્રાણ પૂર્યા છે. બીજી તરફ કોંગ્રેસ માટે માઠા સમાચાર છે કે કોંગ્રેસે તેના કોળી મતદારો ખોયા છે. કોંગ્રેસના અવસર નાકિયા નિષ્ફળ સાબિત થયા છે અને તેમના ગુરૂ કુંવરજી બાવળિયા ફરી એકવાર મહાગુરૂ સાબિત થયા છે. ગુરૂએ ચેલાને મ્હાત આપી છે.

પરસોત્તમ સોલંકીનું વર્ચસ્વ ઘટશે

જસદણ બેઠકે રાષ્ટ્રીય ફલક પર ભાજપને મોટો ફાયદો કરાવ્યો છે, કારણ કે લોકસભાની ચૂંટણીમાં જસદણનું પરિણામ ભાજપ માટે અતિ મહત્વનું છે. ગુજરાતની ૨૬ બેઠકો જીતવા માટે ભાજપને નવું બળ આ બેઠકે આપ્યું છે. જો કે ભાજપના રાજ્યકક્ષાના મંત્રી પરસોત્તમ સોલંકી માટે આ માઠા સમાચાર એટલા માટે છે કે કોંગ્રેસના આયાતી ઉમેદવાર કુંવરજી બાવળિયા કોળી સમાજના નવા તારણહાર બન્યા છે તેથી પરસોત્તમ સોલંકીનું સ્થાન ડગમગ્યું છે.

મોદી અને અમિત શાહના અભિનંદન

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કુંવરજી બાવળિયાને જીતની શુભેચ્છા આપી છે. કમલમમાં ભાજપના વિજયને કાર્યકરોએ વધાવી લીધો છે. આ બન્ને નેતાઓએ ગુજરાતના મુખ્યમંત્રી અને પાર્ટી પ્રેસિડેન્ટ જીતુ વાઘાણીને બમણાં જોશથી

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૨ બાળકોને હૃદય-કિડની તેમજ અન્ય બિમારી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ૮ હૃદયની

૨૪ ટકા કામગીરી સંપન્ન થઈ : કયા તાલુકામાં કેટલી કામગીરી થઈ તેને લઈ તંત્રનું ભેદી મૌન

બિમારી ધરાવતા, ૪ કિડનીની બિમારી ધરાવતા તેમજ ૧૦ અન્ય રોગથી પિડાતા બાળકો મળી આવ્યા છે. આરોગ્યતંત્રના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં જિલ્લામાં થોડીક ધીમી કામગીરી ચાલી રહી છે. હજુ સુધી ૨૪ ટકા જેટલા જ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં ત્રણ લાખથી વધુ બાળકોને ચકાસવામાં આવનાર છે. જેમાં એક મહિનામાં હજુ સુધી ૭૪,૫૬૭ બાળકોની જ તપાસ પુરી થવા પામી છે.

આરોગ્યતંત્ર દ્વારા તપાસાયેલા આ બાળકોમાંથી ૨૪૦ બાળકોને સંદર્ભ સેવા માટે મોકલી આપવામાં આવ્યા છે. જેમાં ૧૨ બાળકોને બાળરોગના દર્દી તરીકે, ૨ આંખ રોગના બાળકો, ૩ દાંતના અને ૧ ચામડીના તથા ૫ ને નાક-કાન ગળાના નિષ્ણાતો દ્વારા ચકાસવામાં આવ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા જે ધીમી કામગીરી ચાલી રહી છે તેને લઈ જિલ્લાકક્ષાએથી પણ તાકીદ કરવામાં આવી છે. જો કે સંદર્ભ સેવામાં પણ બાળકોને ધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદો છુટી છવાઈ ઉઠવા પામી છે.

જિલ્લામાં આરોગ્યતંત્ર દ્વારા સ્થળ પર કેટલા બાળકોને સારવાર આપવામાં આવી તે અંગે મૌન સેવવામાં આવી રહ્યુ છે. આખો કાર્યક્રમ સંપન્ન થાય પછી જ બધી વિગતો ઉપલબ્ધ થશે તેવુ સૂત્રો કહી રહ્યા છે. જિલ્લામાં હાલ શરદી-ખાંસીના દર્દીઓ વધી રહ્યા છે તેમજ કુપોષિત બાળકોની સંખ્યા કેટલી કયા રોગના કેટલા દર્દી મળ્યા તેની પણ વિગતો અંગે મૌન સેવવામાં આવી રહ્યુ છે.

કેન્ડલ માર્ચ - નાતાલની ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૨૩ ચર્ચથી કેન્ડલ માર્ચ યોજાઈ હતી... સામાજીક જાગૃતિ અને પ્રેમનો સંદેશ પ્રસરાવતી જ્યોત લઈને સેંકડો ખ્રિસ્તી પરિવારો શહેરના માર્ગો પર ફર્યા હતા. ખ્રિસ્તી ધર્મના મુળભૂત ઉદ્દેશો દર્શાવતા પ્લે-કાર્ડ અને પ્રભુ ઈશુના સંદેશ સાથે જીવન જીવનના ઉપદેશોની અભિવ્યક્તિ પણ જોવા મળતી હતી.

આજથી રાંધેજા સબયાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે

જિલ્લામાં ત્રીજુ ખરીદ કેન્દ્ર શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયામાં વેગ આવે તે માટે આજથી ગાંધીનગર તાલુકાના રાંધેજા સબયાર્ડ ખાતે પણ ખરીદ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં હાલ દહેગામ-માણસા ખાતે મગફળીનું ખરીદ કેન્દ્ર કાર્યરત છે. જિલ્લામાં વધતી જતી માંગને ધ્યાને રાખી તંત્રએ આ ત્રીજુ ખરીદ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

રાંધેજા સબયાર્ડમાં ઘણા લાંબા સમય બાદ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. આ માટે કર્મચારીઓની ફાળવણી તેમજ જરૂરી વ્યવસ્થાઓ તંત્ર દ્વારા ઉભી કરી દેવામાં આવી છે. પ્રથમ દિવસે ૨૦થી વધુ ખેડૂતોને તેમના ઉત્પાદનના જથ્થા સાથે પહોંચવાના સંદેશાઓ આપવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૨૩ ખેડૂતો દ્વારા તેમની મગફળીનું ટેકાના ભાવે વેચાણ કર્યુ છે. ટેકાના ભાવે વેચાણ કરવાની તૈયારી ૨૯૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

તંત્ર દ્વારા જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૨૬,૧૧૫.૪૯ ક્વીન્ટલ મગફળીનું વેચાણ ટેકાના ભાવે કર્યુ છે. ૮૫૮ જેટલા ખેડૂતોને તેમના વેચાણનું મૂલ્ય પણ ચૂકવી દેવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

આજથી કોલવડા આયુર્વેદ મહા વિદ્યાલય ખાતે સંસ્કૃત ભારતીનું રાજ્ય સ્તરીય અધિવેશન

દ્વારકાના દંડિસ્વામી સદાનંદ સરસ્વતી મહારાજ ઉપરાંત વિજય રૂપાણી, આનંદીબેન પટેલ અને નીતિન પટેલ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદ મહાવિદ્યાલય કેમ્પસ ખાતે તા. ૨૪ અને ૨૫ ડિસેમ્બર દરમ્યાન દેવભાષા સંસ્કૃતને ફરી જનભાષા બનાવવાની નેમ સાથે ૧૯૮૧થી કાર્યરત સંસ્કૃત ભારતી સ્વયંસેવી સંસ્થા દ્વારા રાજ્ય સ્તરના પ્રાંત અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કૃત સાધકોના મહાકુંભ સમા આ અધિવેશનમાં સંસ્કૃત ભાષાને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો યોજાશે.

સંસ્કૃત ભારતીના રાજ્યસ્તરીય અધિવેશનમાં દ્વારકા શારદા પીઠાધિશ્વર શંકરાચાર્ય પરંપરાના ઉત્તરાધિકારી દંડિસ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ તથા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રી અને હાલના મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, રાજ્યના ઉપ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે અધિવેશનમાં બે દિવસ લગલગાટ એક હજાર જેટલા સંસ્કૃત સમર્પિત સાધક કાર્યકર્તા ઉપસ્થિત રહેશે અને સંસ્કૃતના પુનરૂત્થાનના સહભાગી બનશે. સંસ્કૃત ભારતી ભારત ઉપરાંત વિદેશોમાં પણ સંસ્કૃત સંભાષણ શિબિરના માધ્યમથી સંસ્કૃત બોલતાં શીખવવાથી માંડીને શાસ્ત્ર પ્રશિક્ષણ પર્યન્તના વિવિધ પ્રકલ્પો માટે કાર્યરત છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com